

# મીરાંબાઇ

## 1498 - 1547

ભારતના ઇતિહાસમાં કદાચ સૌથી વધુ યાદગાર સ્ત્રી મીરાબાઇ કે જે ૧૬ મી સદીની કવિયિત્રી, ગાયીકા અને સંત કહેવાય છે જેને મીરા તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમણે ગાયેલા ભજનો આજે પણ અલગ અલગ સ્વરૂપ માં પુરા ભારતવર્ષમાં ગવાય છે. તેની ચિત્રપટ, પુસ્તકો, નૃત્યો, નાટકો તેમજ કલાકૃતિઓમાં દેખાય છે. પુજય બાપુએ પણ મીરાબાઇ ને એક એવી સ્ત્રી તરીકે તેનું વર્ણન કર્યુ છે કે જે પોતે પોતાના રસ્તે ચાલવા માટે વૈભવશાળી જીવનનો ત્યાગ કરી શકે છે, અને પોતાની આઝાદી માટે અહીંસક લડત પણ આપે છે.



# મીરાબાઇનું જીવન

- મીરાબાઇની ઘણીખરી જીવનકથા તેમના કાવ્યો જોડીને તેમજ તેમના વંશજોની કથાઓ પરથી બનેલી છે. આ બધી માહીતી ને આજના ભકતો સત્ય માનીને ચાલે છે, પરંતુ ઐતિહાસિક રીતે તેનું તથ્ય હજુ વિવાદાસ્પદ છે.



# રાજકન્યા તરીકે જન્મ



- *મીરાબાઇ રાવ દુદાજીના ત્રીજા પુત્ર રાવ જોધાજીના પૌત્રી તરીકે જન્મ લીધો હતો. રાવ જોધાજીએ રાજસ્થાનમાં રાઠોડરાજની સ્થાપના કરી હતી  જેની રાજધાની જોધપુર હતી.રાવજોધાજીએ તેમના પુત્ર ને રાવ દુદાજીને જોધપુર રાજયનો નાનો હીસ્સો આપ્યો હતો.*
- મીરાનો જન્મ રાજસ્થાનના મેરઠ રાજયમાં થયો હતો. મેરઠ અજમેર ની પશ્ચીમે ૬૦ કી.મી.ના અંતરે આવેલ છે

# બાળપણ

- મીરાના પિતા રતનસિંહે રાવ દુદાજીના પુત્ર રાવ જોધાજી રાઠોડનાં દ્વીતીય પુત્ર હતા.
- રાવ દુદાજીના બે પુત્રો હતા. વીરમજી અને રતનસિંહ. રાવ વીરમજીને જયમલ નામનો એક પુત્ર હતો અને રતનસિંહને મીરા નામની એક પુત્રી હતી.
- મીરાની માતા વીર કુંવરીબાઇ એ ઝોલા રાજપુત, સુલતાનસિંહની કુંવરી હતી. મીરા જયારે ૧૦ વર્ષની હતી ત્યારે તેમની માતાનું અવસાન થયું. ત્યારબાદ તે તેના દાદા સાથે રહેવા જતી રહી તેના પિતા રતનસિંહનું મુઘલબાદશાહ અકબર સાથે તેમનુ રાજય બચાવવા થયેલા યુધ્ધમાં ઇ.સ.૧૫૧૫ માં મૃત્યું થયું.



# દંતકથા

- એક દિવસ મીરાની માતા ઝરૂખામાં બેસીને મીરાના વાળ ઓળતી હતી તે વખતે તેની ઉંમર ૫-૭ વર્ષની હતી ત્યારે મીરાએ એક જાન જતી જોઇ. જાનમાં નૃત્ય અને સંગીત ચાલતુ હતું. પુરુષો અને સ્ત્રીઓ એ સુંદર વસ્ત્રો પહેર્યા હતા અને બધા ખુબ આનંદીત હતા. મીરાએ આ બધુ જોયું અને તેની માતાને પુછતા તેણે જવાબ આપ્યો કે તે વર હતો અને કન્યા ને પરણવા જઇ રહયો હતો. નાદાન મીરાએ તેની માતાને પુછયું કે તેના લગ્ન કોની સાથે થશે? તેની માતા થોડીકવાર ગુંચવાઇ ગઇ ત્યાંજ તેની નજર કૃષ્ણભગવાનની મુર્તિ પર પડી. તેણે તે મીરાને બતાવીને કહયું “આ તારો વર છે” મીરાએ આ વાત ગંભીરતાથી લીધી અને તે જ પળ થી તેણે શ્રીકૃષ્ણ ને પોતાના પતિ



# કૃષ્ણની મુર્તિ



- મીરા હવે કૃષ્ણ ને તેના પતિ માનવા લાગી. એક દિવસ તેના ઘરે એક સાધુ આવ્યા. મીરાએ તેમની પાસે કૃષ્ણની એક ખૂબ સુંદર મુર્તિ જોઇ તેણે જોયું કે એ સાધુએ એ મુર્તિને તેના હૃદયની ખૂબ નજીક રાખેલી હતી. અને તેની મંત્રોચ્ચાર કરી, ભજન ગાઇ અને નૃત્ય  કરી ને પુજા કરી. મીરાએ તે સાધુનો આનંદ જોયો, તેને તે મુર્તિ ખુબ ગમી ગઇ અને તે મેળવવા માટે જીદ કરી. જયાં સુધી તેના દાદા રાવ દુદાજીએ પેલા સાધુને તે મુર્તિ આપવા વિનંતિ ના કરી ત્યાં સુધી મીરાએ રડયા કર્યુ. તેણે સાધુને વચન આપ્યું કે તે તેમને બીજી મુર્તિ લાવી આપશે. તે સાધુએ  ખચકાતા મને મીરાને તે મુર્તિ આપી, અને તેને  તે મુર્તિની પુજા કરતા શીખવાડયું. મીરા ખુબ ખુશ હતી અને તેણે ખુબ ધ્યાન આપી ને ઝીણામાં ઝીણી વિગત

# લગ્ન નો પ્રસ્તાવ




- ચિત્તોડગઢના રાજા સંગ્રામસિંહ(સાંગાજી) જે ખૂબ શકિતશાળી અને આદરણીય હતા, તેમને ચાર પુત્રો હતાઃ કુમાર ભોજરાજ, રાણા રત્નસિંહ, રાણા વિક્રમજીત અને રાણા ઉદયસિંહ. રાણા સંગ્રામસિંહ તેમના પુત્ર કુમાર ભોજરાજ માટે મીરાના લગ્ન માટે માગુ મુકયું. જેથી કરીને બે શકિતશાળી રાજપુત રાજયો વચ્ચે સંબંધ બંધાય.

# ભવ્ય લગ્ન પ્રસંગ



- ઈ.સ. ૧૫૧૬ માં મીરાબાઈના લગ્ન ૧૬ મી સદીના પૂર્વાધના અત્યંત શકિતશાળી ગણાતા મેવાડના રાજા ભોજરાજ સાથે થયા. મેવાડ તે વખતે ચિત્તોડની રાજધાની ગણાતી હતી. લગ્નની શરૂઆતથી જ મીરાએ તેના પતિના કુળદેવીની પુજા કરવાની ના પાડી, કારણ કે તે એવુંજ માનતી હતી કે તેણે તો કૃષ્ણ સાથે લગ્ન કરી જ લીધા છે. તેણે તેના સાસરેથી અપાયેલા રેશમી વસ્ત્રો તેમજ દાગીનાઓનો પણ અસ્વીકાર કર્યો.

# મીરાબાઇનો વિરોધ



- જયારે મીરાબાઇના પતિનું લગ્નના ત્રણજ વર્ષના ટુંકા ગાળામાં અવસાન થયું ત્યારે તે જમાનામાં રાજપુત વિધવાઓની માફક પતિની ચિત્તા પર ચઢી ને સતી થવાનો પણ તેમણે વિરોધ કર્યો.


- પતિના અવસાનબાદ મીરા દિવસનો ઘણો ખરો ભાગ કૃષ્ણની ભકિત અને પુજામાં વીતાવવા લાગી. તેણે રાજઘરાણાની તમામ રીતભાત ઉપર પણ ધ્યાન આપવાનું છોડી દીધુ તેના આવા વર્તનના લીધે તેને ઘણી સજા અને કઠીનાઇઓનો સામનો કરવો પડયો.

# મીરાબાઇ એક કવિયિત્રી

- જયારે આ બધી ઘટનાઓ અને દુઃખો અસહ્ય થતા ગયા અને કૃષ્ણની કે જેમને તે વહાલથી ગીરધરનાધર કહેતી હતી તેમની પુજામાં પણ અડચણ કરવા ત્યારે તેણે રાજમહલ છોડી મથુરા, વૃંદાવન અને આખરે દ્વારકાની યાત્રા કરી.









# મીરાબાઇની અથાગ ભક્તિ



- મીરાની આ બધી હરકતોથી તેના સાસરીવાળા ખુબ જ ક્રોધીત થયા અને તેને ઘરની અંદર જ કેદ કરી લીધી. મીરાએ તેના ભજનો માં પણ કહ્યું છે કે તેના સાસરીવાળાઓએ તેને બે વાર મારી નાખવાની કોશિશ કરી પરંતુ તે ચમત્કારિક રીતે બંને વખત બચી ગઇ.

- મીરાની કૃષ્ણ ભક્તિ દિવસેને દિવસે વધતી ગઇ તે ઘણી વખત ભાવ આવેશમાં આવી જઇને ઘણીવાર મંદિર જેવા જાહેર સ્થળોએ પણ ભજન ગાતી તેમજ નૃત્ય પણ કરતી. તેની કૃષ્ણભક્તિના સમાચાર પુરા ભારતમાં ફેલાઇ ગયા અને દરેક જાતિ અને સમાજના ઘણા બધા ભક્તો તેના અનયાયી બનવા

# એક સંન્યાસીની



- એક વખત તેણે રાજમહલ અને ચિત્તોડ શહેર છોડી અને તેના પિયર પાછી આવી ગઇ, તેમણે પણ તેની હરકતોના લીધે તેનો સ્વીકાર કર્યો નહીં. લગભગ ઇ.સ.૧૫૨૭ ના અરસામાં તેણે કૃષ્ણના જીવન સાથે સંકળાયેલા યાત્રાધામોની યાત્રા શરૂ કરી. તેમની ખ્યાતિ એટલી પ્રસ્રવા લાગી કે તે જે જગ્યાએ પહોંચવાની હોય તે પહેલાજ ભકતો ભેગા થઇને તેમના રચેલા ભજનો કરવા લાગતા. મીરાબાઇ એક વખત તેમના ઘરે ટુંકા સમય માટે ગયા. પરતુ ફરી તેમના કુંટુબીજનોની સતામણી ના લીધે તેમણે ચિત્તોડ રાજયનો કાયમ માટે ત્યાગ કરી દીધો. તેમણે  તેમના અંતિમ દિવસો દ્વારકામાં અરબી સમુદ્રના કિનારે વીતાવ્યા, કે જયાં કૃષ્ણના યુવાવસ્થાના દિવસો પસાર થયા હતા.

# મીરાબાઇ એક રહસ્ય

મીરાબાઇનું જીવન ભારતના લોકોના હૃદયમાં ઘણા કારણોથી વસેલુ છે. સૌ પ્રથમ તેમના શબ્દો કે જે આનંદ અને સુંદરતાની સાથે સાથે સ્ત્રી સ્વાતંત્ર્યનો પડઘો પણ પાડે છે. તેનો સંપત્તિ અને અમીર જીવનનો ત્યાગ અને અસ્વીકાર પણ ગરીબમાં ગરીબ માણસને પણ સ્પર્શી ગયું અને તેનો અન્યાય પ્રત્યેનો બળવો પણ જોઇ શકાય છે.







# મીરાબાઇ એક રચયિતા

મીરાબાઇ શ્રી ગુરુ રવિદાસની શિષ્યા હતી. તેણે લગભગ ૨૦૦ થી ૧૩૦૦ ભકિત ગીત કે જેને ભજન કહે છે તેની રચના કરી હતી, અને ખુબ ભકિતભાવ થી ભગવાન  કૃષ્ણની આરાધના કરતી હતી. તેમના ભજન મુળ હિંદીની રાજસ્થાની ઉપભાષામાં છે. તે ગુજરાતીમાં પણ હતા એવું કહેવાય છે.




# વિનમ્ર રાજકુંવરી

- મીરા  એકદમ નિર્ભય સ્વભાવની હતી. તેની આદતો એકદમ સરળ, આનંદી સ્વભાવની, મળતાવડા વર્તનવાળી ,મોહક વ્યકિતત્વવાળી અને ખૂબ સંસ્કારી વર્તણૂંકવાળી હતી. તેણે પોતાની જાતને ગીરધર ગોપાળના પ્રેમમાં ડુબાડી દીધી હતી. તેના હોઠ ઉપર હંમેશા ગીરધરગોપાળનું જ નામ રમયા કરતું હતું. તે હંમેશા સુતા જાગતા અને દરેક પળમાં શ્રીકૃષ્ણને જ ભજતી હતી.

- ભકિતમાર્ગ પર ચાલવા લોકો એ મીરાબાઇનો સંત તરીકે ખૂબ આદરથી સ્વીકાર કર્યો છે.





# મીરાનું રહેઠાણ





આ મીરાનું પવિત્ર રહેઠાણ છે, જયાં તે બાહ્ય દુનીયાથી એકાંત મેળવવા રહેતી હતી.

# મીરાબાઇનું મંદિર, ચિત્તોડગઢ



હિંદી યુરોપી પધ્ધતીથી ઉંચા ઓટલા પર બંધાયેલું શંકુ આકારના ગુંબજવાળુ અને પવિત્ર વાતાવરણમાં મંદિર બાંધ્યું. ચારેતરફ સ્તંભવાળા એ મંદિરના ચારેખૂણામાં નાના નાના ચાર ઝરખા બનાવ્યા છે.રાણીમીરાબાઇ ભગવાન કૃષ્ણની ભકિત કરતા.